# ચૂંટણી પ્રચાર અભિયાન ડાયરી - 20/04/2014

અરૂણ જેટલી
(વિપક્ષી નેતા, રાજ્ય સભા)

લોકપાલ વિવાદ ખતમ થવાનું નામ જ લેતો નથી. યુપીએ સરકારે લોકપાલ એક્ટ હેઠળ નિયમો નક્કી કર્યા છે. લોકપાલનું કામ શરૂ કરવા માટેના તે પ્રાથમિક નિયમો છે. આ બાબત પહેલેથી જ સુપ્રીમ કોર્ટ સમક્ષ એક પડકારજનક વિષયવસ્તુ બની ગઈ છે.
ચૂંટણી જાહેર થતાં અગાઉ યુપીએ સરકારે લોકપાલના મુખ્યાધ્યક્ષ અને સભ્યોની નિમણુંક કરી દીધી. ઉતાવળે તેના માટે એક સમિતિની નિમણૂંક પણ કરવામાં આવી. કર્મચારી વિભાગે તે સમિતિની સત્તામાં વધારો કર્યો તથા ટૂંકી યાદી તૈયાર કરી અને નિમણૂંકો કરવામાં આવી. તે સમિતિ કેટલાક સભ્યો સહિત દરેક વ્યક્તિને પ્રક્રિયા અનુસરવાનું કહેવામાં આવ્યું. બે પ્રતિષ્ઠિત સભ્યો ફલી એસ. નરીમાન અને ન્યાયમૂર્તિ કે.ટી. થોમસે તે કારણને ટાંકીને સમિતિમાંથી રાજીનામું આપ્યું હતું.
આજે સંપૂર્ણ કોરમ સાથેની સમિતિનું અસ્તિત્વ જ નથી. તે સમિતિની રચના પછી, એવા નામોની ભલામણ કરવાની હતી કે જે વ્યક્તિઓની નિમણૂંક થઈ શકે. તે તમામ નામોની ચકાસણી કરવાનીહતી અને ત્યાર બાદ જે સર્ચ કમિટી જ બહાલી માટે તેમને મોકલી શકે.

દેશના અડધા હિસ્સામાં ચૂંટણીમાં પૂર્ણ કરવામાં આવી છે. આગામી 26 દિવસમાં પરિણામોની જાહેરાત અને નવી સરકારની રચના થશે. આગામી દિવસો યુપીએ માટે ચોક્કસ પ્રસ્થાનના છે, એવા સંજોગોમાં લોકપાલ નિમણૂક શા માટે કરવામાં આવી હશે એ સમજવાની જરૂર છે ખરી? ચોક્કસપણે નહિ.
યુપીએ સરકારે આ તબક્કે લોકપાલની નિમણૂક કરીને રાજકીય અનૌચિત્ય અને આચારસંહિતાનું ઉલ્લંઘન કર્યું છે. આ ઉપરાંત, આ પ્રક્રિયા કાનૂની રીતે પણ શંકાસ્પદ છે. આવી ભયંકર ઉતાવળ લોકપાલની વિશ્વસનીયતા નષ્ટ કરશે. જેથી આ પ્રક્રિયા તરત જ બંધ

કરી દેવી જોઈએ. તે સમિતિની ખાલી જગ્યાઓ ભરવા માટે પસંદગી સમિતિની બેઠકો યોજવા વડાપ્રધાન કચેરીને પરવાનગી આપવામાં ન આવવી જોઈએ.

ડૉ મનમોહન સિંહ હવે નિવૃત્તિની સ્થિતિમાં આવી ગયા છે. પક્ષ નેતૃત્વના કહેવાથી તેમણે લોકપાલ નિમણૂંકમાં કરેલી ભયંકર ઉતાવળ માટે તેમને યાદ કરવામાં આવશે. તેમણે આ હેતુસર આત્મનિરીક્ષણ કરવું જોઈએ. તેમણે ભયંકર ઉતાવળ સાથે કામ કરવાનો પ્રયાસ કર્યો પણ હવે, ભારતની સમગ્ર લોકશાહી સિસ્ટમ તેમાં સફળ થવા તેમને પરવાનગી ન આપે એટલી મજબૂત છે. વડાપ્રધાને આ પ્રકરણમાં રહીસહી વિશ્વસનીયતા ગુમાવવા સિવાય કંઈ કર્યું નથી.

*****